
NSE
National Stock Exchange of India Limited

# સમજીને
# વિચારીને
# રોકાણ કરો



છેલ્લા થોડાંક વર્ષોમાં શેરબજારોમાં વધેલી પ્રવૃત્તિને પગલે રોકાણકારોની સંખ્યામાં નોંધનીય વધારો જોવા મળ્યો છે. બજારમાં સોદા કરતી વખતે ઘણાં રોકાણકારોને સમસ્યાઓનો સામનો કરવો પડે છે. આવી એક મહત્ત્વની સમસ્યા રોકાણકારના ખાતામાં અનધિકૃત ટ્રેડિંગ અથવા સોદાની શક્યતા છે.

રોકાણકારોએ તેમના ખાતાંમાં અનધિકૃત વ્યવહારો થતાં ટાળવા માટે કેવા પગલાં લેવાં જોઈએ તે વિશે જાગરૂકતા ફેલાવવા NSE તરફથી શરૂ કરાયેલી આ પહેલ છે.

## અનધિકૃત સોદાઓથી તમારા ખાતાનું રક્ષણ કરવું

## ટ્રેડિંગ પહેલા

### ખાતું ખોલાવાવું

- 'નો યોર ક્લાયન્ટ' ફોર્મ (KYC)ને ભરો, મેમ્બર ક્લાયન્ટ એગ્રીમેન્ટ (MCA), રિસ્ક ડિસ્ક્લોઝર ડોક્યુમેન્ટ (RDD) ને વાંચી અને તેનો અમલ કરો.
- જો તમે પેટા-દલાલ મારફતે ડીલિંગ કરો છો તો, તમારે ત્રિપક્ષીય કરાર કરવાની જરૂર રહે છે, એટલે કે રોકાણકાર-પેટાદલાલ-ટ્રેડિંગ મેમ્બર વચ્ચેનો કરાર.
- કૃપયા તમારી ઓળખનો પુરાવો, તમારા સરનામાનો પુરાવો અને પરમેનન્ટ અકાઉન્ટ નંબર (PAN) કાર્ડની નકલ પણ પૂરાં પાડો.
- ટ્રેડિંગ મેમ્બર પાસેથી તમને ફાળવાયેલો યુનિક ક્લાયન્ટ કોડ મેળવો.
- ટ્રેડિંગ મેમ્બર અથવા તેમના પ્રતિનિધિને દસ્તાવેજો સુપરત કરવા અગાઉ, તમારા ભાવિ રેફરન્સ માટે તમામ દસ્તાવેજોની નકલ જાળવી રાખો.

### ધ્યાન રાખવા જોવી બાબતો.....

૧. તમારી પસંદના એક્સચેન્જ તરીકે NSEને પસંદ કરો. જેના પર તમે સોદા કરવા નથી માગતા એ એક્સચેન્જના નામને છેકી નાંખો.

૨. તમે જેમાં સોદા કરવા માગો છો એ બજારના સેગમેન્ટને પસંદ કરો, અર્થાત કોઈ પણ ફરજીયાત પણા વિના કેપિટલ માર્કેટ (CM) સેગમેન્ટ અને / અથવા એક્સચેન્જનું ફ્યુચર્સ એન્ડ ઑપ્શન્સ (F&O) સેગમેન્ટ. તમે જેમાં સોદા કરવા નથી માગતા એ સેગમેન્ટને છેકી નાંખો.

૩. ડિજિટલ અથવા હાજર (ફિઝિકલ) સ્વરૂપમાં ઓર્ડરની પુષ્ટિ, કોન્ટ્રેક્ટ નોટ્સ તથા ભંડોળો અને સિક્યુરિટીઓના સ્ટેટમેન્ટ્સ મેળવવા માટેના તમારા વિકલ્પની તપાસ કરો અને સ્પષ્ટપણે નિશાની કરો.

જો તમે ડિજિટલ સ્વરૂપ પસંદ કરો તો, ધ્યાન રાખો કે

i. ડિજિટલ રીતે હસ્તાક્ષર કરેલા દસ્તાવેજો મેળવવા માટેની શરતોને તમે સમજી છે

ii. તમારા તરફથી નિયમિત પણે ઉપયોગ કરાતો ઈ-મેલ id પૂરો પડાયો છે.

iii. E-mail ID રચવાનું રીલેશનશિપ મેનેજર, ડીલર વિગેરે જેવી બીજી વ્યક્તિઓની મુનસફી પર છોડી નથી દેવાયું

iv. ટ્રેડિંગ મેમ્બર તમારા E-mail IDને સ્વીકારે

જો તમે હાજર (ફિઝિકલ) સ્વરૂપ પસંદ કરો તો, ચોક્કસ કરો કે નીમેની બાબતોની ખાતરી કરી લો છો:

i. કોન્ટ્રેક્ટ નોટ્સ અને બીજા સ્ટેટમેન્ટ્સ તમે જે સરનામે મેળવવા માગો છો એ સરનામું ખરૂં છે

ii. E-mail ID કોલમને છેકીનાંખો અને સ્પષ્ટપણે લખોકે, ''તમે ડિજિટલ સ્વરૂપમાં દસ્તાવેજો મેળવવાનું નથી ઈચ્છતા''

૪. જો તમે ઑન-લાઈન/ઈન્ટરનેટ ટ્રેડિંગ માટે નામ નોંધાવી રહ્યા હોવ તો, કૃપયા ખાતરી કરી લો કે તમારી પાસે

i. કોમ્પ્યુટરનું જ્ઞાન-જાણકારી છે

ii. ટ્રેડિંગ મેમ્બર તરફથી ઓફર કરાતા ઉત્પાદનની જાણકારી અંગેની સંપૂર્ણ કિટ છે

iii. તમે ટ્રેડિંગ શરૂ કરો તે અગાઉ સોફ્ટવેરનું ચકાસેલું વર્ઝન, કન્ફર્મ્ડ ઈન્સ્ટોલેશન છે અને ટ્રેડિંગ મેમ્બર પાસેથી તમે તાલિમ મેળવી છે

iv. તમારા ખાતામાં લોગિંગ થયા બાદ તરત જ સ્વાગત પત્રમાં જારી કરાયેલો પાસવર્ડ તમે બદલો છો. કેવળ નિર્ધારિત માર્ગદર્શિકાઓ મુજબ તમારો પાસવર્ડ ઘડો.

v. તમારો પાસવર્ડ અથવા User IDની બીજા કોઈને પણ જાણ નથી.

vi. નેટવર્કની અથવા તેની સાથે સંકળાયેલી બીજી સમસ્યાઓના કિસ્સામાં ઓર્ડરો મૂકવા માટેની વૈકલ્પિક પદ્ધતિઓને તમે સમજી લીધી છે.

vii. ઓર્ડરો મૂક્યા બાદ અને થયેલા સોદા માટે સિસ્ટમ તરફથી પુષ્ટિ-કન્ફર્મેશનને તમે તપાસી છે.

૫. NSE તરફથી નિર્ધારિત કરારમાંની ફરજીયાત કલમો ઉપરાંત, એવી સ્વૈચ્છિક શરતો હોઈ શકે છે જેના માટે તમે અને ટ્રેડિંગ મેમ્બર સાથે સંમત થયા છો. આ સ્વૈચ્છિક શરતો માટે સંમત થવા પૂર્વે કૃપયા તેની અસરોને બરોબર સમજી લો. ટ્રેડિંગ મેમ્બર અને રોકાણકાર વચ્ચે સંમતિ સધાયેલ અને અમલ કરાયેલા અમુક સવિસ્તાર કલમો/દસ્તાવેજો જે રોકાણકાર દ્વારા કાળજીપૂર્વક વિચારણા માગી લે છે તે આ મુજબ છેઃ

રનિંગ અકાઉન્ટ : જેમાં રોકાણકાર એક્સચેન્જ તરફથી ભંડોળો અને સિક્યુરિટીઓનુ પે-આઉટ ૨૪ કલાકમાં મેળવવાને બદલે તે જ્યારે અને જ્યાં પણ વિનંતી કરે ત્યારે ભંડોળો અને સિક્યુરિટીઓ મેળવવા માટે સંમત થાય છે.

ગ્રુપ અકાઉન્ટ : જ્યાં રોકાણકાર તેના પરિવારજનો સાથે ઉધાર/જમા બેલેન્સને એડજસ્ટ કરવા માટે ટ્રેડિંગ મેમ્બરને સત્તા આપે છે.

મુખત્યારનામું (પાવર ઓફ એટર્ની) : જ્યાં ટ્રેડિંગ મેમ્બર એક્સચેન્જ પ્રત્યે/તરફથી પતાવટની જવાબદારીઓ માટે રોકાણકારના ડિપોઝિટરી ખાતાને ચલાવવાની સત્તા ધરાવે છે.

દલાલી અને ચાર્જીસ : જ્યાં ટ્રેડિંગ મેમ્બર તરફથી અપાયેલી સેવાઓ બદલ લદાનારા ચાર્જીસ અંગે ટ્રેડિંગ મેમ્બર અને રોકાણકાર સંમત થાય છે.

## ટ્રેડિંગ

૧. ઓર્ડરો મૂક્તા પહેલાં તમારું નામ અને કલાયન્ટ કોડ સ્પષ્ટપણે વર્ણવો ૨. સિક્યુરિટીની વિગતો, સંખ્યા અને ભાવ જેવી બાબતો સ્પષ્ટ અને ખુલાસાવાર ચોક્કસ વર્ણવો ૩. તમારા વતી ઓર્ડરો મૂક્વા માટે સમૂળગી પરવાનગી નહીં આપો ૪. એવી ચોકસાઈ રાખો કે તમે આપેલા ઓર્ડરોને તમને ફાળવાયેલા યુનિક કલાયન્ટ કોડ (UCC) માં દાખલ કરવામાં આવે ૫. જો તમે ઑન-લાઈન રોકાણકાર હોવ, તો સમયાંતરે પાસવર્ડ બદલતા રહો.

## ટ્રેડિંગ બાદ

૧. એવી ચોકસાઈ રાખો કે સોદાનો અમલ થયાના ૨૪ કલાકના નિર્ધારિત સમયની અંદર ટ્રેડિંગ મેમ્બર તરફથી તમારા તમામ સોદાઓ માટે તમને કોન્ટ્રેક્ટ નોટ્સ મળે ૨. જો તમે ડિજિટલ કોન્ટ્રેક્ટ નોટ્સ માટે પસંદગી કરી હોય તો, કૃપયા તમારા ઈ-મેલ ખાતાને દરરોજ ચકાસો જેથી તમારા ખાતામાં તમામ વ્યવહારોની તમને જાણ થવા પામે ૩. તમારા લાભાર્થી માલિકના (ડીમેટ) ખાતામાં નિયમિતપણે ટ્રાન્ઝેક્શનને ચકાસો ૪. ધ્યાન રાખો કે તમારા ડીમેટ ખાતામાં સિક્યુરિટીઓની આવક જાવક તમારા વતી કરાયેલા માન્ય ટ્રાન્ઝેક્શન માટે થાય છે ૫. કેવળ ટ્રેડિંગ મેમ્બરના ખાતા મા જ તમામ ભંડોળો/સિક્યુરિટીઓ આપો અને મેળવો ૬. કેવળ ટ્રેડિંગ મેમ્બરના નામે અકાઉન્ટ પેઈ ચેક/ડિમાંડ ડ્રાફ્ટ/પે ઓર્ડર મારફતે ચૂકવણી કરો ૭. એવી ચોકસાઈ રાખો કે તમારા ટ્રેડિંગ મેમ્બર પાસેથી ભંડોળો અને સિક્યુરિટીઓનું ત્રિમાસિક સ્ટેટમેન્ટ તમને મળે. સચોટતા માટે સ્ટેટમેન્ટ્સને ઝીણવટપૂર્વક વાંચો.

### ટ્રેડિંગ પ્રવૃત્તિઓનું કામચલાઉ સસ્પેન્શન અથવા ખાતું બંધ થવું

૧. જો તમે ચોક્કસ સમયગાળા માટે (જો તમે પ્રવાસ ખેડી રહ્યા હોવ / અથવા તબીબી સારવાર હેઠળ હોવ, વગેરે) ટ્રેડિંગ બંધ કરવાનું નક્કી કરો ત્યારે લિખિતમાં ટ્રેડિંગ મેમ્બરને જાણ કરો અને તેની સ્વીકૃતિ પહોંચ લો. ૨. જો તમારું ટ્રેડિંગ ખાતું બંધ કરવાનું તમે નક્કી કરો ત્યારે ખાતરી કરી લો કે તમે પૂર્વવિધિઓને પરિપૂર્ણ કરી છે અને ટ્રેડિંગ મેમ્બર પાસેથી ખાતું બંધ થવાનો (કલોઝર) પત્ર મેળવ્યો છે.

### યાદ રાખો ......

૧. તમારા સોદાને નિયમિત ધોરણે www.nseindia.com પર ચકાસો. NSEની વેબસાઈટ પાંચ દિવસના સોદાની માહિતી પૂરી પાડે છે ૨. કોન્ટ્રેક્ટ નોટ્સમાં ટ્રાન્ઝેકશન્સને અથવા ભંડોળો તથા સિક્યુરિટીઓના ત્રિમાસિક સ્ટેટમેન્ટ્સને તપાસો. જો તમને એવું ધ્યાનમાં આવે કે કોઈ ટ્રાન્ઝેક્શન તમારી સૂચનાઓ મુજબ નથી થયું તો, ટ્રાન્ઝેકશનની તારિખથી ૧૦ દિવસની અંદર લિખિતમાં સંબંધિત ટ્રેડિંગ મેમ્બરના અમલ બજાવણી અધિકારી (કોમ્પલાયન્સ ઓફિસર) સમક્ષ આ મુદ્દો ઊઠાવો ૩. ટ્રેડિંગ મેમ્બર તરફથી ૧૫ દિવસની અંદર તમારી ફરિયાદનો જવાબ / એમ ન થાય તો, એક્સચેન્જના ઈન્વેસ્ટર સર્વિસીસ સેલ (ISC) પાસે ફરિયાદ નોંધાવો ૪. તમારા ખાતામાં વધુ સોદા મૂકીને નુકસાન વસૂલ કરવા માટેની ઓફરને સ્વીકારતી વખતે સાવચેતી રાખો, કારણ કે આવું કૃત્ય ભૂતકાળના અનધિકૃત સોદાઓને પરોક્ષપણે સંમતિ આપવામાં પરિણમી શકે છે.

### ઈન્કાર (ડિસ્કલેમર)

આ પાનાંઓમાં સમાવિષ્ટ માહિતી અને સામગ્રી અને પ્રગટ થયેલી શરતો, ધારાધોરણો તથા વર્ણનો, આગોતરી કોઈ પણ પ્રકારની નોટિસ આપ્યા વિના ફેરફારને આધીન છે. આ બ્રોશરમાં સમાવિષ્ટ માહિતી 'જેવી છે', 'જેમ ઉપલબ્ધ છે' ધોરણે પૂરી પડાઈ છે અને NSEIL આ માહિતીની સચોટતા, પર્યાપ્તતા અથવા સંપૂર્ણતાની કોઈ ખાતરી આપતું નથી અને આ માહિતી તથા સામગ્રીમાં ભૂલ ચૂક બદલ જવાબદારી નકારે છે.

## ઈન્વેસ્ટર સર્વિસીસ સેન્ટરોની યાદી

મુંબઈઃ નેશનલ સ્ટોક એક્સચેન્જ ઓફ ઈન્ડિયા લિમિટેડ
'એક્સચેન્જ પ્લાઝા', C-૧, બ્લોક G, બાન્દ્રા-કુર્લા કોમ્પલેક્ષ, બાન્દ્રા પૂર્વ, મુંબઈ - ૪૦૦ ૦૫૧.
ટે. નં: ૨૬૫૯૮૧૯૦ ફેક્સ નં: ૨૬૫૯૮૧૯૧ ઈ-મેલ: ignse@nse.co.in

કોલકાતાઃ નેશનલ સ્ટોક એક્સચેન્જ ઓફ ઈન્ડિયા લિમિટેડ
પહેલે માળે, પાર્કવ્યૂ અપાર્ટમેન્ટ્સ, ૯૯, રાશ બિહારી અવેન્યૂ, કોલકાતા - ૭૦૦ ૦૨૯.
ટે. નં: (૦૩૩) ૨૪૬૩૧૮૦૨–૧૮૦૫, ૨૪૬૩૧૮૦૯-૧૮૧૨
ફેક્સ નં: (૦૩૩) ૨૪૬૩૧૭૯૧,૨૪૬૩૧૮૦૬ ઈ-મેલ: nseisckol@nse.co.in

હૈદરાબાદઃ નેશનલ સ્ટોક એક્સચેન્જ ઓફ ઈન્ડિયા લિમિટેડ
H નં.૩-૬-૩૨૨, મહાવીર હાઉસ, બીજે માળે, ચેમ્બર નં.૨૦૩ અને ૨૦૪
બશીરબાગ, હૈદરાબાદ –૫૦૦ ૦૨૯.
ટે. નં: (૦૪૦) ૨૩૨૨૭૦૮૪, ૨૩૨૨૭૦૮૫, ફેક્સ નં: (૦૪૦) ૨૩૨૨૭૦૮૬
ઈ-મેલ: nseischyd@nse.co.in

દિલ્હી : નેશનલ સ્ટોક એક્સચેન્જ ઓફ ઈન્ડિયા લિમિટેડ
ચોથે માળે, જીવન વિહાર બિલ્ડીંગ, પાર્લામેન્ટ સ્ટ્રીટ, નવી દિલ્હી – ૧૧૦ ૦૦૧.
ટે. નં: (૦૧૧) ૨૩૩૪૪૩૧૩ થી ૨૩૩૪૪૩૨૭. ફેક્સ નં: (૦૧૧) ૨૩૩૬૬૬૫૮
ઈ-મેલ: nseiscdel@nse.co.in

ચેન્નઈ : નેશનલ સ્ટોક એક્સચેન્જ ઓફ ઈન્ડિયા લિમિટેડ
સાતમે માળે, અરિહંત નિટકો પાર્ક, ૯૦, ડૉ. રાધાકૃષ્ણન સલાઈ, માયલાપોર, ચેન્નઈ – ૬૦૦ ૦૦૪.
ટે. નં: (૦૪૪) ૨૮૪૭૫૧૦૦ / ૨૮૪૭૩૬૭૦. ફેક્સ નં: (૦૪૪) ૨૮૪૭૩૬૩૩
ઈ-મેલ: nseiscchen@nse.co.in

અમદાવાદ : નેશનલ સ્ટોક એક્સચેન્જ ઓફ ઈન્ડિયા લિમિટેડ
૪૦૬, સાકાર -૨, એલિસ બ્રિજ નજીક, અમદાવાદ – ૩૮૦ ૦૦૬.
ટે. નં: (૦૭૯) ૨૬૫૮૦૨૧૨ / ૨૬૫૮૦૨૧૩ . ફેક્સ નં: (૦૭૯) ૨૬૫૭૬૧૨૩
ઈ-મેલ: nseiscahm@nse.co.in

અમારી મુલાકાત લો www.nseindia.com

રોકાણકારોના હિતમાં જારી
NATIONAL STOCK EXCHANGE OF INDIA LIMITED